INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

<u>અખબારી યાદી</u> <u>તા. ૧૮-૦૮-૨૦૨૫</u>

- **રાજય સરકાર હસ્તકની જુદી-જુદી સરકારી કૃષિ યુનિ ના લુચ્ચા કુલપતિઓ સરકારને પણ ગાંઠતા નથી – મનહર પટેલ**
- **મકકમ કૃષિ કુલપતિઓએ નિયમ વિરુદ્ધ જે પેન્સન વીથ પગાર ઉઠાવેલ છે તેના તફાવતના નાણા તો નથી દેવા અને આજે નિયમ વિરુદ્ધ પેન્સન વિથ પગાર ઉઠાવવાનુ પણ ચાલુ છે. - મનહર પટેલ**
- **રાજ્ય સરકાર કૃષિ કુલપતિઓ ઉપર મહેરબાન છે કે મજબુર છે ? – મનહર પટેલ**

તા.૦૧.૦૭.૨૦૨૫ ના રોજ રાજય સરકારે એ ઇ મેઈલથી ચારેય કૃષિ યુનિના હિસાબી અધિકારીઓને પત્ર લખીને નિયમનો ભંગ કરીને વધારાના નાણા મેળવેલ છે તેની વસુલાત કરીને ૭ દિવસમા જાણ કરવાની સુચના આપેલ હતી,પરંતુ આ લુચ્ચા કુલપતિઓએ હજુ સુધી પગાર પેટે વધારના નાણા ઓળવી ગયા છે તે જમા કરાવ્યા નથી. ત્યારે ફરી રાજ્ય સરકારે તા.૧૨.૦૮.૨૦૨૫ ના રોજ બીજો પત્ર લખીને ઉઘરાણુ કર્યુ છે.

રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ મકકમ અને રાજ્યમા ચારેય કૃષિ યુનિ.ના કુલપતિઓ મુખ્યમંત્રીશ્રી કરતા પણ મક્કમ છે અને કૃષિ કુલપતિઓ નિયમ વિરુદ્ધ પગાર પેટે ઉઠાવેલા નાણા ન આપવામા મક્કમ છે, રાજ્ય સરકાર તેને નિયમ દેખાડે છે તેમ છતા તેઓ જમા કરવા તૈયાર નથી.

કૃષિ યુનિ.ના કુલપતિઓ વિરુદ્ધ પેન્સન વિથ પગારમા કરોડો રુપિયાની ઉચાપતનો ગુનો બને છે, તે ગુનામા તે તમામ કુલપતિઓનુ રાજીનામુ લઈને જેલ હવાલ મોકવામા આવે તેવી અમારી સરકારી દાયરામા માંગ હતી અને છે. અમે અનેક વાર કહ્યુ છે રાજ્ય સરકાર આ ચારેય કુલપતિઓ પાસે નિયમ વિરુદ્ધનો પેન્સન વીથ પગાર ઉઠાવેલ છે તેની પાસેથી કડકાયથી કામ લઈને નાણા વસુલવામા આવે પરંતુ રાજય સરકાર આજ દિવસ સુધી વસુલવામા નિષ્ફળ રહી છે, ઉપરાંત રાજ્ય સરકાર સામે બાયો ચડવતા હોય તેમ આ કુલપતિઓ આજ તારીખ સુધી પેન્સન વિથ પગાર બન્ને ઉઠાવવાનુ પણ ચાલુ છે.. અને રાજયનો કૃષિ વિભાગ અને સરકાર નિસહાય બનીને પત્રો લખીને ફરજ પુર્ણ સમજી રહી છે. રાજ્ય સરકાર કૃષિ કુલપતિઓ ઉપર મહેરબાન છે કે મજબુર છે ?

મનહર પટેલ

**મનહર પટેલ**
**પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ**